ટેલેન્ટ પુલ સ્કુલ વાઉચર યોજનામાં ચૂકવવામાં આવતી રકમમાં વધારો કરવાની નવી બાબતને વહીવટી મંજૂરી બાબત.

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: શક્ષણ/૨૦૧૨/૧૧૨૭/ન.બા.૧૫/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૩૦/૦૭/૨૦૧૪.

વંચાણે લીધા:-

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૫/૦૭/૨૦૦૮નો ઠરાવ ક્રમાંક:- અનશ/૨૦૦૭/ન.બા.૩/ગ

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૦૮/૦૫/૨૦૧૩નો ઠરાવ ક્રમાંક:- શક્ષણ/૨૦૧૨/૧૧૨૭/ન.બા.૧૫/ગ

(૩) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૩૦/૦૫/૨૦૧૩ નો સુધારા ઠરાવ ક્રમાંક:- શક્ષણ/૨૦૧૨/૧૧૨૭/ન.બા.૧૫/ગ

(૪) કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૧૯/૦૬/૨૦૧૪ના પત્ર ક્રમાંક: આવિ/શિક્ષણ/૦૧/ફા.ન.૮૬૦/૨૦૧૪-૧૫/વશી ૬૪૧ થી ૬૪૨

આમુખ:-

ઉપર વંચાણે લીધેલ ક્રમાંક.(૧) ના ઠરાવથી ધોરણ-૬ અને ધોરણ-૧૧ ના ગુજરાત રાજ્યના અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ પસંદગી પામેલ ઉત્તમ ગુણવત્તાવાળી આવાસીય શાળાઓમાં વિનામુલ્યે પ્રવેશ મેળવી, ઉત્તમ કક્ષાનું શિક્ષણ તથા આવાસીય સુવિધા મેળવી, બીન આદિજાતિ સમાજ સાથે બરોબરી કરી શકે તેવા આશયથી ટેલેન્ટ પુલ યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૨) ના ઠરાવથી આ યોજનાનું નામ 'ટેલેન્ટ પુલ સ્કુલ વાઉચર યોજના' રાખવામાં આવેલ છે. પસંદ પામેલ વિદ્યાર્થીઓને તેઓ પ્રવેશ મેળવે તે શાળાની ફી પેટે રૂ.૬૦,૦૦૦/- નું કેશ વાઉચર આપવાનું નક્કી કરવામાં આવેલ. શાળાની ફી આ કેશ વાઉચરની રકમ ઉપરાંતની હોય તો વધારાનો ખર્ચ સબંધિત વિદ્યાર્થીએ ભરવાનો રહેશે. તેમજ જો રૂ.૬૦,૦૦૦/- કરતા ઓછી ફી હોય તો તફાવતની રકમ વિદ્યાર્થીને છાત્રવૃતિ તરીકે મળવાપાત્ર રહેશે. આ સ્કુલ વાઉચરો જે તે વિદ્યાર્થીને આપવાના રહેશે, અને તેઓ દ્વારા જે શાળામાં પ્રવેશ મેળવે તે શાળામાં રજૂ કરવાના રહેશે. અને શાળા દ્વારા સબંધિત તકેદારી અધિકારી/ સમાજ કલ્યાણ અધિકારીશ્રીને રજૂ કર્યેથી સબંધિત કચેરી દ્વારા ચુકવણું કરવાનું ઠરાવવામાં આવેલ છે.

આ યોજના હેઠળ પસંદ પામેલ શાળાઓ તરફથી તેમને ચુકવવામાં આવતી ફી માં વધારો કરવાની રજૂઆતો મળેલ છે. તથા પ્રવર્તમાન સમયમાં જુદા જુદા ખર્ચમાં થયેલ વધારો, તથા વિદ્યાર્થીઓને પુરી પાડવામાં આવતી ભૌતિક સગવડોમાં થયેલ વધારાને ધ્યાને લેતા, ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૪) ના કમિશનરશ્રી (આ.વિ.) ના પત્રથી આ યોજનામાં ચુકવવામાં આવતી વિદ્યાર્થીદીઠ ફી રૂ.૬૦,૦૦૦/-માં રૂ.૨૦,૦૦૦/- નો વધારો કરીને તે રૂ.૮૦,૦૦૦/- કરવા માટે રૂ.૧.૦૦ કરોડની નવી બાબતનો સને ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

રાજ્યના અનુસૂચિત જનજાતિના મેધાવી વિદ્યાર્થીઓ પોતાની કારકીર્દી બનાવી પોતાનું જીવનધોરણ ઉંચુ લાવી શકે તે માટે તેઓને પસંદગી પામેલ આવાસીય ઉત્તમ ગુણવત્તાવાળી અતિશ્રેષ્ઠ આવાસીય વિદ્યાલયોમાં પ્રવેશ આપવા અંગેની આ વિભાગ હેઠળ ચાલતી ટેલેન્ટ પુલ સ્કુલ વાઉચર યોજનામાં ચુકવવામાં આવતી રકમમાં વધારો કરવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે પસંદગી પામેલ શાળાઓ પૈકી જે શાળાઓ અતિશ્રેષ્ઠ ગણી શકાય તેવા કિસ્સામાં આ યોજનામાં હાલની રૂ.૬૦,૦૦૦/- ની ફી માં રૂ.૨૦,૦૦૦/- નો વધારો કરીને તે રૂ.૮૦,૦૦૦/- કરવા માટેની રૂ.૧.૦૦ કરોડની નવી બાબતનો નીચેની શરતોને આધીન સને ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં સમાવેશ કરવાની બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) સહુપ્રથમ ઉત્તમ ગુણવત્તાવાળી નિવાસીય શાળાઓની પસંદગી આમુખ (૧), (૨), (૩) ના ઠરાવોની જોગવાઇઓ મુજબ કરવાની રહેશે.

(૨) ત્યારપછી પસંદગી પામેલ શાળાઓમાંથી અતિશ્રેષ્ઠ શાળાઓની પસંદગી કરવામાં આવશે. જે કરવા માટે નીચે મુજબના અધિકારીઓની એક સમિતિની રચના કરવામાં આવે છે.

- (i) અગ્રસચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ
- (ii) અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ
- (iii) કમિશનરશ્રી, શાળાઓ

(3) ઉક્ત સમિતિએ પસંદ કરેલ અતિશ્રેષ્ઠ શાળાઓમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને શાળા દ્વારા અન્ય વિદ્યાર્થીઓ પાસેથી વસુલ કરવામાં આવતી ફી જેટલી જ ફી, રૂ.૮૦,૦૦૦/-ની મર્યાદામાં, ચુકવવાની રહેશે. અતિશ્રેષ્ઠ શાળા દ્વારા રૂ.૮૦,૦૦૦/- થી વધારે ફી વસુલ કરવામાં આવતી હોય તો તે સંબંધિત વિદ્યાર્થીએ ચુકવવાની રહેશે.

(૪) આ યોજના હેઠળ અતિશ્રેષ્ઠ શાળાઓ દ્વારા અન્ય વિદ્યાર્થીઓ પાસેથી વસુલ કરવામાં આવતી ફી જો રૂ.૮૦,૦૦૦/-થી ઓછી હશે તો તફાવતની રકમ અતિશ્રેષ્ઠ શાળાઓમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને છાત્રવૃતિ તરીકે ચુકવવામાં આવશે નહિ.

(૫) આ યોજના હેઠળના આમુખ (૧), (૨), (૩) ના ઠરાવોની અન્ય શરતો યથાવત રહેશે.

(૬) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૭) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૮) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૯) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૧૦) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૧) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૨) પ્રવર્તમાન યોજનાના નૉર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૩) ભારત સરકાર તરફથી મળવાપાત્ર થતી ગ્રાન્ટ મેળવવા માટેની કાર્યવાહી કરવાની રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૬ (આયોજન), મુખ્ય સદર: ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:-૦૨- અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર (૫૨) – બીસીકે – ૩૦૬ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે ટેલેન્ટ પુલ ઉભો કરવા બાબત, સરકારી છાત્રાલયોની સ્થાપના અને વિકાસ કરવા હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૨૩/૦૬/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નરેન્દ્ર વાઘેલા)
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

મહામહિમ રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

અગ્રસચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.

અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સચિવાલય, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.

કમિશનરશ્રી, શાળાઓના કમિશનરશ્રીની કચેરી, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નાણા સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ, બ્લોક નં-૧૪/૨જો માળ, સચિવાલય, ગાંધીનગર.

મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.